નવી સેવા વર્ષ ૨૦૧૭-૧૮ વહીવટી મંજુરી
૬ વિકાસશીલ તાલુકાઓમાં સગર્ભા અને
ધાત્રી માતાઓને "સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ"

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૭/૪૪/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭-૦૪-૨૦૧૭

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૦/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ/સ્પોટ ફિડિંગ/૨૦૧૭/ ૧૯૯૨-૯૪/ ૨૦૧૭

ઠરાવઃ-

સંદર્ભ (૧) અન્વયે ૬ વિકાસશીલ તાલુકાઓમાં સગર્ભા અને ધાત્રી માતાઓને સ્પોટ ફીડીંગ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૭-૧૮માં નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

સ્પોટ ફીડીંગ કાર્યક્રમ અંતર્ગત પ્રાયોગીક ધોરણે ગુજરાત રાજ્યના ૫ જિલ્લાઓ (દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા) ના ૬ પછાત વિકાસશીલ તાલુકાઓ (ગરબાડા ૧ અને ૨, ધાનપુર ૧ અને ૨, કપરાડા ૧ અને ૨, કડાણા, કંવાટ અને દેડીયાપાડા ૧ અને ૨ ઘટક - કુલ ૧૦ ઘટક) માં ૩૦૦ દિવસ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને (૬ માસ સુધીના બાળકની માતા) રોજ એક વખત સંપુર્ણ ભોજન માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં નવી બાબત તરીકે રૂ.૧૨,૩૮,૮૪,૦૦૦/ - (રુપિયા બાર કરોડ આડત્રીસ લાખ ચોર્યાસી હજાર પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં : ૯૬
મુખ્ય સદર: ૨૨૩૬- પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨ પોષણયુક્ત આહાર અને પીણાંનું વિતરણ
ગૌણ સદર: -: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના.
પેટા સદર -:૦૨-એનટીઆર ૨ સંકલિત બાળ વિકાસ સેવા યોજના

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) નાણા વિભાગની તા.૪/૪/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

– માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
– માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
–કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ,૨૦, ડૉ.જીવરાજ મહેતાભવન,ગાંધીનગર.
– નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- બજેટ શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર
–સિલેકટ ફાઈલ.